eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 212
January 22, 2009

## મોટા વરાછા, વૃંદાવન સોસાયટીનું રસ્તામાં આવતું બાંધકામ દૂર કરવા બાબત

સુરત મહાનગરપાલિકાનાં પૂર્વ (વરાછા) જોનમાં નવા સમાવિષ્ટ મોટા વરાછા વિસ્તારમાં ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૨૪ (મોટા વરાછા–ઉત્રાણ), ફા. પ્લોટ નં. ૩૧, બ્લોક નં. ૧૬૮ માં આવેલ વૃદાવંન સોસાયટી તથા પ્રથમ રો હાઉસની વચ્ચે થી ૧૨.૦૦ મીટરનો ટી.પી. રસ્તો સાધના સોસાયટી તરફ જાય છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત શહેરનાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં મિલકત નં. ૫/૭૫૨ હરિપુરા વિસ્તારમાં આવેલ મિલકતે મંજુર પ્લાન વિરુઘ્ઘ બાંધવામાં આવેલ પાંચમા માળનું આશરે ૧૫૦.૦ ચો.ફુટનું ચણતર તથા પતરા નાંખવાનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થઝોન(કતારગામ)ની કામગીરી

નોર્થઝોન(કતારગામ) સુરત મહાનગરપાલિકાના ડે.કમિશનરશ્રી (૫. અને ઈ.)નાં માર્ગદર્શન હેઠળ કતારગામ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી અને આકારણી અને વસુલાત અધિકારીશ્રી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેકશન ઓફિસર અને આ વિભાગના કર્મચારીઓ સાથે વેડ દરવાજાથી ડભોલી ચાર રસ્તાની બંને બાજુ આવેલી દુકાનોના મિલ્કત વેરા વસુલાત અભિયાન ચાલુ કરવામાં આવેલ, જેમાં મ્યુ.વેરાની વસુલાતની સાથે સાથે વ્યવસાયવેરાની વસુલાતની કાર્યવાહી ચાલુ કરેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પીટલ ખાતે તા. ૨૧–૦૧–૨૦૧૦ના રોજ આઈબેંક, એ.આર.ટી. સેન્ટર, સ્મીમેર હોસ્પિટલની વેબસાઈટનું લોન્ચીંગ મળી કુલ– ૩ પ્રકલ્પોની ઉદ્દઘાટનવિધિ



સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પીટલ ખાતે તા. ૨૧–૦૧–૨૦૧૦ના રોજ આઈ બેંક, એ. આર. ટી. સેન્ટર, સ્મીમેર હોસ્પિટલની વેબસાઈટનું લોન્ચીંગ મળી કુલ–૩ પ્રકલ્પોની ઉદ્દઘાટનવિધિ શ્રી સતીષભાઈ કે પટેલ, અઘયક્ષશ્રી રૂગ્ણાલય અને વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિના વરદહસ્તે કરવામાં આવેલ હતું ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં તા. ૨૦–૦૧–૨૦૧૦ ના રોજ આરોગ્ય વિભાગ મારફત વોર્ડ નં. ૨૭ આંજણાના કાર્યક્ષેત્રમાં આવેલ વિસ્તાર જેવો કે, આંજણા રેલ્વે ગરનાળા થી જૂનો પુલ, અનવરનગર, આંબેડકરનગર અને ડુંભાલ ટેનામેન્ટ વિ.વિસ્તારમાં બપોરે ૧૧.૦૦ કલાક થી ૨.૦૦ કલાક દરમયાન "સફાઈ અભિયાન" રાખવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## મોટા વરાછા, વૃંદાવન સોસાયટીનું રસ્તામાં આવતું બાંધકામ દૂર કરવા બાબત

સુરત મહાનગરપાલિકાનાં પૂર્વ (વરાછા) જોનમાં નવા સમાવિષ્ટ મોટા વરાછા વિસ્તારમાં ડ્રાફ્ટ ટી.પી. સ્કીમ નં. ૨૪ (મોટા વરાછા–ઉત્રાણ), ફા. પ્લોટ નં. ૩૧, બ્લોક નં. ૧૬૮ માં આવેલ વૃદાવંન સોસાયટી તથા પ્રથમ રો હાઉસની વચ્ચે થી ૧૨.૦૦ મીટરનો ટી.પી. રસ્તો સાધના સોસાયટી તરફ જાય છે. આ ટી.પી. રસ્તામાં વૃંદાવન સોસાયટીની ત્રણ પ્લીન્થ, તથા કમ્પાઉન્ડવોલ તેમજ પ્રથમ રો હાઉસની કમ્પાઉન્ડવોલ તથા ઓટલાનું બાંધકામ આવતું હતું. જે અન્વયે ત્રણ પ્લીન્થનું આશરે ૪૦૦ ચો.ફુટનું તથા ૯૦ ફુટ લાંબી કમ્પાઉન્ડવોલનું બાંધકામ મળી કુલ્લે – ૬૫૦ ચો.ફુટ રસ્તામાં આવતું બાંધકામ દૂર કરી ટી.પી. ખુલ્લો કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી જે.સી.બી. મશીન તથા દબાણ ખાતાનાં સ્ટાફની મદદથી પાર પાડવામાં આવેલ છે.

TOP

## સેન્ટ્રલ ઝોનની કામગીરી

સુરત શહેરનાં સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં મિલકત નં. ૫/૭૫૨ હરિપુરા વિસ્તારમાં આવેલ મિલકતે મંજુર પ્લાન વિરુધ્ધ બાંધવામાં આવેલ પાંચમા માળનું આશરે ૧૫૦.૦ ચો.ફુટનું ચણતર તથા પતરા નાંખવાનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે. મિલ્કત નં. ૪/૨૯૫૮, ૨૯૫૯ મૃગવાન ટેકરા, બેગમપુરા ગર્વમેન્ટ લેન્ડ હેઠળની જમીન ઉપર બાંધવામાં આવેલ આશરે ૨૦૦ ચો.ફુટનું આર.સી.સી. પ્લીન્થનું બાંધકામ દૂર કરવામાં આવેલ છે. તથા ૯/૧૧૫૮ –૫૯ હવાડીય ચકલા પાસે મંજૂર પ્લાન વિરુધ્ધ ૬૦ ચો.ફુટ નું ચણતર દૂર કરી પાર્કિંગ ખુલ્લુ કરેલ છે અને મિલ્કત નં. ૧૦/૬૧૭ –એ, ૧૦/૮૮૦, ૧૦/૮૭૦, ૧૦/૮૭૧, ૧૦/૮૮૩–અ /૧ તથા ૧૦/૮૫૨ માકુ મુન્સફની શેરીમાં કુલ ૧,૪૮૨ ચો.ફુટ પાર્કિંગ અને ૬૦૦ ચો.ફુટ સેટબેંક વાળો ભાગ દૂર કરી રસ્તો ખુલ્લો કરેલ છે.

ઉપરોકત કામગીરી ઈ.ચા. ઝોનલ ચીફશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ની સૂચના /માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક પાર પાડવામાં આવેલ છે.

TOP

## નોર્થઝોન(કતારગામ)ની કામગીરી

નોર્થઝોન(કતારગામ) સુરત મહાનગરપાલિકાના ડે.કમિશનરશ્રી (પ. અને ઈ.)નાં માર્ગદર્શન હેઠળ કતારગામ ઝોનના કાર્યપાલક ઈજનેરશ્રી અને આકારણી અને વસુલાત અધિકારીશ્રી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી, સેકશન ઓફિસર અને આ વિભાગના કર્મચારીઓ સાથે વેડ દરવાજાથી ડભોલી ચાર રસ્તાની બંને બાજુ આવેલી દુકાનોના મિલ્કત વેરા વસુલાત અભિયાન ચાલુ કરવામાં આવેલ, જેમાં મ્યુ.વેરાની વસુલાતની સાથે સાથે વ્યવસાયવેરાની વસુલાતની કાર્યવાહી ચાલુ કરેલ છે. વેરાવસુલાત સ્થળ ઉપર કરવા અંગે સદરહુ રસ્તા ઉપર મોબાઈલ વસુલાતવાનની પણ વ્યવસ્થા કરેલી છે. જેથી બાકી કરદાતાઓ સ્થળ ઉપર જ વેરા વસુલાત ભરપાઈ કરી શકે. આ કાર્યવાહી તા. ૧૮/૦૧/૧૦ થી તા.૨૨/૦૧/૧૦ દિન–૦૫ દરમ્યાન સવારે ૯.૦૦ થી બપોરે ૨.૦૦ કલાક સુધી ચાલુ રહેશે. નોર્થઝોન (કતારગામ)ના વિવિધ અન્ય મુખ્ય રસ્તાની દુકાનોને પણ વસુલાત માટે આવરી લેવામાં આવશે. જેમાં કતારગામ દરવાજા થી કતારગામ બસ સ્ટેન્ડ, અમરોલી પુલથી સાયણ રોડ, છાપરાભાઠા રોડ, એ.કે.રોડ થી જી.આઈ.ડી.સી. તરફનાં મુખ્ય રસ્તા વિગેરે ઉપર આવેલી દુકાનો અંગે વેરા વસુલાતની કાર્યવાહી કરવામાં આવશે.

વેરા વસુલાતન ઝુંબેશ સાથે મુખ્ય રસ્તા ઉપર ગંદકી કરનાર ઈસમો ઉપર પણ કડક પગલાં લેવા અંગે આરોગ્ય વિભાગ પણ આ ઝુંબેશમાં ભાગ લઈ અને તેમાં ગંદકી કરનારને શિક્ષાત્મક પગલાં લીધા છે. અને કચરાપેટી રખેલ છે કે કેમ ? તેની ચકાસણી, આરોગ્ય લાઈસન્સ,રીન્યુઅલ વિગેરે કાર્યવાહી ચાલુ કરેલ છે. ગુમાસ્તાધારા વિભાગ ધ્વારા સર્ટી,રીન્યુઅલની પણ આ સાથે કાર્યવાહી ચાલુ કરેલ છે.

વસુલાતની આ ઝુંબેશ હેઠળ આજ રોજ તા.૧૯/૦૧/૧૦ના દિને સવારે ૯.૦૦થી બપોરે ૨.૦૦ કલાક સુધી વેડ દરવાજાથી ડભોલી મુખ્ય રસ્તાની બંને બાજુ આવેલ દુકાનોમાં મ્યુ.વેરાની રૂા. ૮,૯૨,૦૦૦/–ની વસુલાત તેમજ વ્યવસાયવેરાની રૂા.૨૬,૦૦૦/–ની વસુલાત કરવામાં આવેલી છે. જયારે આરોગ્ય વિભાગ તરફથી જાહેર કચરો નાંખતા ૭૭ ઈસમો ઉપર પગલાં લઈ વહીવટી પરચુરણ ખર્ચ રૂા.૧૩,૫૦૦/–ની વસુલાત પણ કરવામાં આવેલી છે. ગુમાસ્તાધારા વિભાગ ધ્વારા સાત સંસ્થાઓને સ્થળ નિરીક્ષણોની નોટિસ આપવામાં આવેલી છે. જે નિયત મર્યાદામાં પૂર્તતા કરવામાં આવશે નહી તો કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવશે. આમ, સદરહુ ઝુંબેશ હેઠળ નોર્થઝોન ધ્વારા કુલ રૂા. ૯,૩૧,૫૦૦/–ની વસુલાત થયેલ છે અને ૦૨ દુકાનો સીલ કરવામાં આવેલી છે.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પીટલ ખાતે તા. ૨૧–૦૧–૨૦૧૦ના રોજ આઈબેંક, એ.આર.ટી. સેન્ટર, સ્મીમેર હોસ્પિટલની વેબસાઈટનું લોન્ચીંગ મળી કુલ– ૩ પ્રકલ્પોની ઉદ્ઘાટનવિધિ



સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પીટલ ખાતે તા. ૨૧–૦૧–૨૦૧૦ના રોજ આઈ બેંક, એ. આર. ટી. સેન્ટર, સ્મીમેર હોસ્પિટલની વેબસાઈટનું લોન્ચીંગ મળી કુલ–૩ પ્રકલ્પોની ઉદ્ઘાટનવિધિ શ્રી સતીષભાઈ કે પટેલ, અધ્યક્ષશ્રી રૂગ્ણાલય અને વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિના વરદહસ્તે કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે મેયરશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, ડે. મેયરશ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર) શાસક પક્ષના નેતાશ્રી ભીમજીભાઈ પટેલ, મ્યુ. કમિશનરશ્રી કુ. એસ અપર્ણા તથા વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સભ્યશ્રીઓ તથા શહેરની જનતા મોટી સંખ્યામાં હાજર રહયા હતા. સૌ પ્રથમ મા. અધ્યક્ષશ્રી ધ્વારા ચક્ષુબેંક તથા એ. આર.ટી. સેન્ટરની ઉદ્ઘાટન વિધિ કરવામાં આવી.

સ્મીમેર હોસ્પીટલની પોતાની વેબસાઈટની શરૂઆત સમયે ડીન ડૉ. કલ્પનાબેને સૌનુ સ્વાગત કરી, હોસ્પીટલ ધ્વારા શરૂ કરવામાં આવેલ પ્રકલ્પો વિશે માહિતી આપી હતી.

મ્યુ. કમિશનરશ્રીએ તેમના પ્રવચનમાં સ્મીમેર હોસ્પીટલના ડીન તથા તેમની ટીમને આ કામગીરી બદલ અભિનંદન આપી, ગુજરાતમાં સૌથી વધુ એઈડ્સ અસરગ્રસ્તો સુરત શહેરમાં છે એમ જણાવી એ.આર.ટી. સેન્ટરનો જરૂરિયાત મંદોને વધુમાં વધુ લાભ લેવા શહેરની જનતાને અપીલ કરી હતી.

મા. મેયરશ્રી તેમના પ્રવચનમાં જણાવ્યું હતુ કે સંપતિ ભલે હોય પણ તેનો સદઉપયોગ ન થાય તો બધુ વ્યર્થ છે એમ જણાવી સુરત મહાનગરપાલિકાએ સ્મીમેર હોસ્પીટલમાં પ્રકલ્પો શરૂ કરી સેવાનું ઉમદા ઉદાહરણ પુરુ પાડયુ છે તે બદલ સૌને અભિનંદન પાઠવ્યા હતા.

સ્મીમેર હોસ્પીટલ ખાતે શરૂ થનાર આઈ બેંકનો કુલ ખર્ચ રૂા. ૪૭,૩૫,૨૬૯ થનાર છે. આ આઈ બેંક માટે આઈ બેંક સ્પેકયુલર માઈક્રોસ્કોપ, સ્લીટ લેમ્પ, લેમીનાર એર ફલો, ઈન્યુકયુલેશન સેટસ, પ્રિઝરવેશન મીડીયા, રેફ્રીજરેટર, કેરીયર્સ ફોર ટ્રાન્સપોર્ટ ઓફ આઈ બોલ્સ, ડીજીટલ ઈમેર્જીંગ સીસ્ટમ વિગેરે જેવા સાધનો લાવવામાં આવ્યા હતા. આ સંસ્થા "૨૪ કલાક કાર્યરત" સંસ્થા બની રહેશે. સ્મીમેર હોસ્પીટલ ખાતે શરૂ થનાર આઈ બેંકનો વધુમાં વધુ લાભ નાગરિકોને થનાર છે.જેવી રીતે આઈ બેંકનો મુખ્ય ઉદ્દેશ આઈ બોલ્સના કલેકશન કરવાનો, સ્ટોરેજ અને યોગ્ય દર્દી માટે વિતરણ કરવાનો છે. આ પ્રમાણે કલેકટ કરેલા આઈ બોલ્સ કોર્નીઅલ ટ્રાન્સપ્લાન્ટેશન માટે ઉપયોગમાં લેવાય છે ભારતમાં આશરે ૧૧ લાખ લોકો **Corneal Blindness** ને કારણે અંધ છે. આ અંગે સ્મીમેર ધ્વારા સરકારશ્રી પાસેથી "માનવ અંગોના પ્રત્યારોપણ વિધેયક" અનુસાર મંજુરી પ્રાપ્ત કરવામાં આવેલ છે તેમજ હૈદરાબાદની લાઈફટાઈમ મેમ્બરશીપ પણ મેળવવામાં આવેલ છે. કલેકટ કરેલા આઈ બોલનો ઉપયોગ સ્મીમેરમાં જ થાય તે માટે કોર્નીઅલ ટ્રાન્સપ્લાન્ટની સગવડ પણ સ્મીમેર ખાતે કરવામાં આવી છે અને તે માટે અદ્યતન સામગ્રી અને લેમીનાર ફલો હુડથી સજજ ઓપરેશન રૂમ તૈયાર કરાયો છે. આમ, આ પ્રોજેકટ ધ્વારા આંખનાં રોગનાં દર્દીને ખૂબ જ ફાયદો થશે.

આ ઉપરાંત સ્મીમેર હોસ્પીટલના આંખ વિભાગમાં રેટીના યુનિટ શરૂ કરવામાં આવેલ છે. તે માટે ફન્ડસ કેમેરા, ડાયોડ ગ્રીન લેસર, વિટ્રેકટોમી યુનિટ વિથ કટર એન્ડ લેન્સીસ, ઓપરેટીંગ માઈક્રોસ્કોપ વિથ એટેચમેન્ટ ફોર રેટીનલ વર્ક, માઈક્રો સર્જીકલ રેટીનલ સેટસ વિગેરે જેવા સધનો ખરીદવામાં આવ્યા છે જેનો કુલ ખર્ચ રૂા. ૬૧,૪૩,૭૬૪/– થયેલ છે.આ સર્જરીનો મુખ્ય ઉદ્દેશ મોટી સંખ્યામાં **Vitreoretinal disease** થી પીડાતા અને સામાન્ય સ્થિતિમાંથી આવતા લોકોને રેટીનલ સર્જરી રાહત દરે પુરી પાડવાનો છે. રેટીનલ દર્દીઓ માટે રાહત દરે રેટીના સર્જરીની સગવડ ઘર આંગણે પુરી પાડનાર એક માત્ર સંસ્થા થશે.

ગુજરાત સરકાર ધ્વારા સ્મીમેર હોસ્પીટલ ખાતે મેડીસીન વિભાગ અંતર્ગત **NACO-GSACS** ના સહયોગથી **ART Centar (anti Retroviral Therapy Center)** શરૂ કરવામાં આવેલ છે. આ માટે જરૂરી સ્ટાફ કંટીન્જન્સી ફંડ, મોંઘી એચ.આઈ.વી.ની દવાઓ તથા એચ.આઈ.વી.ના મોંઘા લેબોરેટરીના ટેસ્ટ આ **ART Center** માં ટ્રીટમેન્ટ લેવા આવનાર એચ.આઈ.વી. પોઝીટીવ દર્દીઓને વિનામૂલ્યે આપવામા આવશે. આ **ART Center** ધ્વારા એચ.આઈ.વી. ગ્રસ્ત દર્દીઓને નવજીવન મળશે.



સ્મીમેર વેબસાઈટના લોન્ચીંગથી સ્મીમેર મેડિકલ કોલેજ અને તેને સંલગ્ન ટીચીંગ હોસ્પિટલને લાગત વિવિધ સેવાઓ, વિવિધ વિભાગો વિગેરેની માહિતીઓ, ઉપલબ્ધ અભ્યાસક્રમો, ઉપલબ્ધ બેઠકો, મંજુર થયેલ ફીનું માળખું, હોસ્પીટલમાં બેડની સંખ્યા વિગેરે માહિતી આ વેબ સાઈટ ઉપર ઉપલબ્ધ થશે.કોલેજ તેમજ સંલગ્ન હોસ્પીટલની હાલની માહિતી ઉપરાંત સમયાંતરે આ વેબ સાઈટને અપગ્રેડ –અપડેટ કરવામાં આવશે.

આ પ્રસંગે મહાનુભાવો ઉપરાંત વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુ. સદસ્યશ્રીઓ, અીધકારીશ્રીઓ, ડૉકટરો, ચેનલોના પ્રતિનિધિઓ અને જાહેર જનતાએ ઉપસ્થિત રહી સ્મીમેર હોસ્પીટલના વિવિધ પ્રકલ્પોના કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ની કામગીરી

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં તા. ૨૦–૦૧–૨૦૧૦ ના રોજ આરોગ્ય વિભાગ મારફત વોર્ડ નં. ૨૭ આંજણાના કાર્યક્ષેત્રમાં આવેલ વિસ્તાર જેવો કે, આંજણા રેલ્વે ગરનાળા થી જૂનો પુલ, અનવરનગર, આંબેડકરનગર અને ડુંભાલ ટેનામેન્ટ વિ.વિસ્તારમાં બપોરે ૧૧.૦૦ કલાક થી ૨.૦૦ કલાક દરમયાન "સફાઈ અભિયાન" રાખવામાં આવેલ છે. જેમાં તળિયા ઝાટક સ્ક્રેપીંગ બ્રશીંગ તથા ધૂળ માટી ઉપાડવાની ઘનિષ્ઠ સફાઈ કામગીરી કરાવવામાં આવેલ છે સદર સફાઈ કામગીરીમાં સુપરવાઈઝરી સ્ટાફ (આરોગ્ય ૦૯), સફાઈ કામદારો/બેલદારો– ૫૨ રોકાયેલા હતા. આ સફાઈ અભિયાન દરમ્યાન ન્યુસન્સ કરતા ઈસમો પાસેથી રૂા. ૮૬૫૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે. તેમજ કુલ–૨૨ નોટીસો આપવામાં આવેલ તેમજ ૦૪ કિ. ગ્રામ પ્રતિબંધિત પ્લાસ્ટીકની થેલીઓ જપ્ત કરવામાં આવેલ તથા ૦૩ કિલોગ્રામ અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવેલ છે.

TOP